ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની માન્ય બોર્ડની સને ૨૦૧૭ની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજયમાં માન્ય ડિપ્લોમા ઇજનેરી/ડિપ્લોમા ફાર્મસી અને નર્સીંગના અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં, પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧,૦૦૦/-ના ટોકન દરે ટેબ્લેટ આપવા બાબત

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૧૪/૦૭/૨૦૧૭

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગના તા.૧૨-૦૪-૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ

(૨) શિક્ષણ કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણનો તા.૨૩/૦૫/૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃ ડીટીઈ/ટેબલેટ/ ડિપ્લોમા વિદ્યાર્થીઓ/ છ(આ)/૨૦૧૭

**આમુખઃ-**

વંચાણે લીધાઃ- ક્રમાંક (૧) સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવથી ધોરણ-૧૨ની માન્ય બોર્ડની વર્ષ ૨૦૧૭ની પરીક્ષામાં ઉત્તિર્ણ થઇને ગુજરાત રાજયની માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦/- ના ટોકન દરે ટેબલેટ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

ધોરણ-૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમ તેમજ ધોરણ-૧૨ પછી ફાર્મસી તથા નર્સીંગ જેવા પ્રોફેશનલ ડિપ્લોમા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતા હોય છે. વંચાણે લીધા(૧) સામે દર્શાવેલ તા.૧૨-૦૪-૨૦૧૭ના ઠરાવમાં ડિપ્લોમા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આવરી શકાયેલ ન હતા.

રાજય સરકારની ટોકનદરે ટેબલેટ આપવાની યોજનાનો લાભ ડિપ્લોમા અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવાની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા-ક્રમાંક (૧) સામે દર્શાવેલ આ વિભાગના તા.૧૨-૦૪-૨૦૧૭ના ઠરાવમાં ''કાર્યયોજના'' પહેલાં નીચેનો ફકરો ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સુધારા ઠરાવ:-

માન્ય બોર્ડની ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની વર્ષ-૨૦૧૭ની પરીક્ષા પાસ કરીને ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમો, ડિપ્લોમા ફાર્મસી અને ડિપ્લોમા નર્સીંગ અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને, તેમના નિયમિત શિક્ષણમાં મૂલ્યવર્ધન કરવા માટે, ઉપયોગી સવલત તરીકે અદ્યતન ટેકનોલોજી ધરાવતું ટેબલેટ રૂ.૧૦૦૦/-ના ટોકનદરે ઉપલબ્ધ કરાવવાની બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૨-૦૪-૧૭ના ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

M. Mehta

( એમ. જે. મહેતા )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- ડાયરેકટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.